| ACM-3 | This Question Booklet Contains 6 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

# Subject: વાણિજ્ય અને સંચાલન/Commerce and Management (Paper-3)

ઉમેદવારનો બેઠક નંબર

| | | | |
|---|---|---|---|
| સમય : 3 કલાક | Time : 3 Hrs. | | |
| કુલ ગુણ : 200 | Total Marks : 200 | | |

## ભાગ - A

**Q. : 1 to 12 પ્રત્યેક પ્રશ્નના પાંચ ગુણ છે. 30 થી 40 શબ્દોમાં જવાબ લખો.**

**01.** ભારતીય બંધારણની કલમ 266 અંતર્ગત કઈ રકમની પ્રાપ્તિ એ ભારતના એકત્રિત ભંડોળ (કોન્સોલીડેટેડ ફંડ) તરીકે રચાય છે?

**02.** ''હરિયાળી ક્ષેત્ર ખાનગીકરણ'' (''ગ્રીન ફીલ્ડ પ્રાઈવેટાઈઝેશન'') એટલે શું? - સમજાવો.

**03.** ભારતમાં આવકવેરા અધિનિયમ હેઠળ સેક્શન 54F ની જોગવાઈઓ સમજાવો.

**04.** નાણાંકીય વિસંવાદિતા (અસંતુલન) એટલે શું?

**05.** જ્યારે ભાગીદારી પેઢી વિસર્જિત થઈ હોય ત્યારે રોકડની ટુકડે ટુકડે વહેંચણી (Piecemeal distribution of cash) ની બે પધ્ધતિઓ સમજાવો.

**06.** વિશ્વ વ્યાપાર સંસ્થા (WTO) નો પારસ્પરિકતા સિધ્ધાંત એટલે શું?

**07.** ડેટા (સ્વીકૃત બાબતો), ઈન્ફોર્મેશન (માહિતી) અને નોલેજ (જ્ઞાન) વચ્ચેનો તફાવત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરો.

**08.** ભારત માં GST પરિષદના બંધારણ વિશે સમજૂતી આપો.

**09.** માથાદીઠ આવકના ખ્યાલની ત્રુટિઓ/ટીકાઓ નિર્દેશીત કરો.

**10.** ''NITI આયોગમાં યોજના આયોગ કરતાં કેટલાંક દાર્શનિક અને અન્ય તફાવતો છે.'' - આ બંને સંસ્થાઓના હેતુઓને લક્ષ્યમાં રાખીને આ તફાવતો દર્શાવો.

**11.** જાહેર ક્ષેત્રના સાહસોમાં બજેટ કઈ રીતે તૈયાર કરવામાં આવે છે અને તેમાં સુધારા કરવામાં આવે છે?

**12.** સંભાવનાની પ્રશિષ્ટ વ્યાખ્યા આપો અને તેની મર્યાદા ચર્ચો.

## ભાગ - B

**Q. : 13 – 20 પ્રત્યેક પ્રશ્નના દસ ગુણ છે. 70 થી 80 શબ્દોમાં જવાબ લખો.**

**13.** હાર્વર્ડ બીઝનેસ સ્કૂલના માનવ સંસાધન વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) એ એક માન્યતા દર્શાવેલ છે કે - રેખા પ્રબંધકો (લાઈન મેનેજર્સ) એ સંસ્થાના કાર્યમાં કર્મચારીઓ કઈ રીતે સાંકળી શકાય અને તેમનો વિકાસ થઈ શકે તે બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે - આપ આ વિચાર સાથે સહમત છો? આ બાબત અંગેની યોજનાની સવિસ્તાર સમજૂતી આપો.

**14.** ''કંપની એક્ટ 2013 માં એક માણસની કંપનીની જોગવાઈએ ભારતમાં સંસ્થાગત વ્યવસાયમાં નવું પરિમાણ ખોલ્યું છે.'' - કંપની એક્ટ 2013 માં એક માણસની કંપનીની જોગવાઈના સંદર્ભમાં ઉપરોક્ત વિધાન પર ટિપ્પણી કરો.

**15.** ''ધંધાકીય સાહસો એ અર્થતંત્રનો એક હિસ્સો છે અને આર્થિક પર્યાવરણમાં પરિવર્તન એ જે તે ધંધાકીય સાહસની કામગીરી અને કાર્યસિધ્ધિને અસર કરે છે.'' - તાજેતરના વાસ્તવિક દ્દષ્ટાંતો રજૂ કરી મેક્રો-ઈકોનોમીક વ્યવસાયિક પર્યાવરણની ધંધાકીય નિર્ણયો લેવાની બાબત ઉપર અસરોનું પૃથક્કરણ કરો.

**16.** કર માં થતા ફાયદાને કારણે સામાન્ય રીતે દેવું (debt) ને ઈક્વીટી કરતાં સસ્તું માનવામાં આવે છે. કંપનીએ કઈ શરતોને ધ્યાનમાં રાખીને કર લાભ મેળવવા માટે દેવું (debt) માં ઊંચા રોકાણ તરફ જવું જોઈએ?

**17.** નાણાંકીય નીતિમાં લાદવામાં આવેલા નાણાંકીય નિયંત્રણના માત્રાત્મક પગલાં વિશે ટિપ્પણી કરો.

**18.** એવી દલીલ કરવામાં આવે છે કે લાંબાગાળાની જરૂરીયાતો માટેના નાણાં ટૂંકા ગાળાના ઋણ થી કરવા જોઈએ. આપ આ વિચાર સાથે સહમત છો કે અસહમત? આપના ઉત્તર વિશે યોગ્ય સમર્થન કરો.

**19.** ડીસઈન્વેસ્ટમેન્ટ (વિનિવેશ) એ આર્થિક રીતે યોગ્ય છે પરંતુ સામાજિક રીતે અયોગ્ય નિર્ણય છે. - ચર્ચા કરો.

**20.** પ્રત્યાગમન (રીગ્રેસન) અને સહસંબંધના ગુણાંક નો ખ્યાલ સમજાવો. આર્થિક તપાસના ક્ષેત્રમાં તેમની ઉપયોગિતા જણાવો.

## ભાગ - C

**Q. : 21 – 25 પ્રત્યેકના 15 ગુણ છે. પાંચ પ્રશ્નો પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. 130 થી 140 શબ્દોમાં ઉત્તર આપો. ઉત્તર અપાયેલ પ્રથમ ચાર પ્રશ્નો મુલ્યાંકન માટે ગણત્રીમાં લેવાશે.**

**21.** ''મૂડી બજારના વિકાસે ભારતમાં કોર્પોરેટસ્ ની લાંબાગાળાની નાણાકીય જોગવાઈ માટે બેંકો ઉપરના અવલંબનમાં ઘટાડો કરેલ છે.'' - ભારતમાં મૂડીબજારના વિકાસ અને તેની બેંકીગ ઈન્ડસ્ટ્રી ઉપર પડેલી અસરોના સંદર્ભમાં ઉપરોક્ત વિધાનની ચર્ચા કરો.

**22.** ભારતમાં ખેડૂતોની ખેતીવિષયક આપત્તિઓ ઓછી કરવા અંગે અપનાવવા લાયક જરૂરી ઉપાયો સૂચવો.

**23.** ભારતના અર્થતંત્રમાં ઉત્પાદનક્ષેત્રના ફાળામાં ઘટાડાની બાબત ચિંતાનો વિષય છે. - આ વિધાન ઉપર ટિપ્પણી કરો.

**24.** BRICS ના સદંર્ભમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને પ્રાદેશિક સહકારને ઉત્તેજન આપવામાં પ્રાદેશિક વ્યાપાર સંગઠનોની ભૂમિકા વિશે ચર્ચા કરો.

**25.** ''મૂળ કિંમત (Face Value) ઉપર જાહેર કરેલી આંકડાકીય માહિતીને તે વિશેની સમજ અને જ્ઞાન વિના ધ્યાનમાં લેવી તે સલામત નથી.'' - આ વિધાનની સવિસ્તાર ચર્ચા કરો.

## Section - A

**Q. : 1 to 12; 05 Marks Each. 30 to 40 words.**

**01.** According to Article 266 of Indian Constitution which receipts of amounts constitutes as consolidated funds of India?

**02.** What do you understand by "Greenfield Privatization"?

**03.** Explain the provisions of Section 54F under Income Tax Act in India.

**04.** What is Financial Disintermediation?

**05.** Explain the two methods of piecemeal distributions of cash when a partnership firm is dissolved.

**06.** What is the reciprocity principle of World Trade Organization. (WTO)?

**07.** Differentiate between Data, Information and Knowledge with the help of an example.

**08.** Explain the constitution of G.S.T. Council in India.

**09.** Point out the drawbacks/criticism of concept of per Capita Income:

**10.** "NITI Ayog has certain philosophical and other differences than Yojna Ayog" – List down those differences in the light of Objectives of the two bodies.

**11.** How are budgets prepared and revised in Public Sector Enterprises?

**12.** Give the classical definition of probability and state its limitations.

## Section - B

**Q. No. 13 – 20; 10 Marks Each. 70 to 80 words.**

**13.** The Harvard Business school Framework of Human Resource Management undernotes a belief that line managers ought to have a view on how employees can be involved and developed in an organization. Do you agree?? Also figure out the framework for the same.

**14.** "Provision of One Man Company in Companies Act 2013 has opened new dimensions of corporate form of business in India" – Comment on the above in the light of Companies Act 2013 with respect to One Man Company provision.

**15.** "A business enterprise is a part of economy and changes in environment influence its functioning and performance" Analyze the impact of macro-economic business environment on business decision making citing real life examples from recent past.

**16.** Generally debt is considered to be cheaper than equity because of tax advantages. What are the condition in which a firm should go for higher amount of debt to reap the benefits of tax?

**17.** Critically examine the quantitative measure of monetary control adopted in monetary policy?

**18.** It is argued that long term requirements should be financed through short term borrowing. Do you agree or disagree? Justify your answer.

**19.** Disinvestment is economically correct but socially a wrong decission - Comment.

**20.** Explain the concepts of regression and coefficient of corelation, also state their utility in the field of economic enquiry.

## Section - C

**Q. : 21 – 25, 15 Marks each; 130 to 140 words. Out of 5 questions, attempt any four Questions First Four attempted question shall be considered for Assessment.**

**21.** Growth of capital market in India has decreased the dependency of corporates on Banks for long term finance" – Comment on the above statement in the light of growth of capital market in India and its impact on banking industry.

**22.** Suggest measures that should be adopted to reduce the agricultural distress of farmers in India.

**23.** Reducing contribution of manufacturing sector in Indian economy is a matter of concern – Comment on the above statement.

**24.** Discuss the role of regional trade blocks in promoting International trade and regional cooperation with specific reference to BRICS.

**25.** "It is never safe to take published statistics on their face value without having an understanding and knowledge of the same" – Ilucidate the statement.